# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા-03/૨૦૨૦-૨૧/૧૪૫ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૫/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી માલદેભાઈ પરબતભાઇ ઓડેદરા ગામ – પોરબંદર

સબડીવીઝન: કોસ્ટલ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: સોમવાર (૧૯.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯.૦૪.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,મારા દ્વારા પી.જી.વી.સી.એલ.કોસ્ટલ સબ ડીવીઝન હેઠળ આવતા રાજપર (નવાગામ) ગામ ખાતે નવા ઝીગા ફાર્મ એનએ કનેક્શન ૯૦ કિલોવોટ ની માંગણી અરજી તારીખ ૨૨-૧-૨૦૨૦ થી કરી ને કરેલ હતી જે બાબતે મને કોસ્ટલ સબ ડીવીઝન દ્વારા કોટેશન રકમ રૂ-૧૦,૦૨,૧૪૨/-(દશ લાખ બે હજાર એકસો બેતાલીશ રૂપિયા પુરા ) નું પત્ર નં -૬૨૮ તારીખ ૬-૨-૨૦૨૦ થી આપવામાં આવેલ હતું અને ત્યારબાદ અલગથી ક્વોટેશન રૂપિયા-૩૫૪૧૪/- નું થાંભલા માં માર્કિંગ કરવા માટે નું આપવામાં આવેલ હતું અમારા દ્વારા ઉપરોક્ત ક્વોટેશન ની રકમ

રૂ.-૧૦,૦૨,૧૪૨ પહોંચ નંબર – ૨૭૫૯૭૬ -૭૮ થી તારીખ -૨૯-૨-૨૦૨૦ના રોજ ભરપાઈ કરેલ હતા તેમજ રૂ.-૩૫૫૧૪/- પહોંચ નંબર ૬૦૦૧૯૮ તારીખ-૬-૩-૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ હતા આમ અમારા દ્વારા કુલ ૧૦,૩૭,૬૫૬/- (દશ લાખ સાડત્રીશ હજાર છસ્સો છપ્પન પુરા ) ભરપાઈ કરવામાં આવેલ હતા.

ત્યારબાદ અમારા વિજજોડાણ અંગેની કામગીરી માટે ફક્ત થાંભલા ઉભા કરવામાં આવેલ હતા અને ત્યારબાદ સરકારશ્રી ના આદેશ અનુસાર લોકડાઉન થઇ જતાં કોસ્ટલ સબડીવીઝન માં તપાસ કરતાં જાણવા મળેલ કે લોકડાઉન ના કારણે મટીરીયલ ની સપ્લાય બંધ હોય નવા વિજજોડાણ ની કામગીરી બંધ હોય ફક્ત ઇમરજન્સી કામગીરી અને વિજપુરવઠો જાળવવાની કામગીરી જ ચાલુ હોય તેવું જણાવવામાં આવેલ આથી અમો એ ત્યારબાદ ઓફિસમાં આ અંગે કોઈ તપાસ કરેલ ન હતી. ત્યારબાદ મે માસ માં લોકડાઉન માં રાહ્ત મળતા અમારા દ્વારા ફરી થી કોસ્ટલ ઓફિસ જઈને અમારા વિજ જોડાણ બાબતે તપાસ કરેલ તો ત્યારે અમોને એવું કહેવામાં આવેલ કે અમારૂ વિજજોડાણ કેઇ જે અમો દ્વારા ગ્રામપંચાયત દ્વારા ભાડે આપેલ જમીન ઉપર માંગેલ હોય આથી કલેક્ટર સાહેબના માર્ગદર્શન માં ફાઈલ મોકલેલ છે કેઇ કનેક્શન આપવું કે કેમ ? જે તે સમયે અમોને પણ ખુબ જ આશ્ચર્ય થયેલ કે નિયમાનુસાર અમારા દ્વારા કાગળીયા અને દાખલા રજુ કર્યા બાદ અરજી સ્વીકારવામાં આવેલ અને ત્યારબાદ ક્વોટેશન પણ આપવામાં આવેલ અને જે અમો દ્વારા ભરપાઈ પણ કરવામાં આવેલ છે અને થાંભલાઓ પણ ઉભા કરી દેવામાં આવેલ છે તો હવે અમારી અરજીમાં કેવી રીતે વાંધો હોઈ શકે. ?

ત્યારબાદ કોસ્ટલ ઓફિસ થી મને જાણ કરતો પત્ર આવેલ કે તમારૂ વિજજોડાણ મળી શકે તેમ નથી અને ક્વોટેશનની રકમ પરત મેળવવા જણાવેલ આથી અમારા દ્વારા થાકી ને કંટાળીને પૈસા પરત આપવા લેખિતમાં અરજી કરેલ હતી ત્યારબાદ મને સિટીડીવીઝન માં થી કોઈનો ફોન આવેલ અને જણાવેલ કે અમારા ક્વોટેશન ના રિફંડની રકમ રૂ.-૮,૪૦,૮૯૬/- નો ચેક નિકળી ગયેલ છે અને તે લઈ જવા જણાવેલ હતું. પરંતુ અમો દ્વારા કુલ રકમ રૂ. ૧૦,૩૭,૬૫૬/- ભરેલ હોય આટલી ઓછી રકમ કેમ અમોને મળે છે અને કેમ આટલી મોટી રકમ રૂ.૧,૯૬,૭૬૦/-(એક લાખ છન્નું હજાર સાતસો સાઈઠ) કેવી રીતે કાપવામાં આવેલ છે તે પુછતા અમોને જણાવેલ કેઇ અમારા વિજજોડાણ નું જેટલું કામ કરવામાં આવેલ છે તેના માલની કિમત અને મજુરીની કિમત નિયમ મુજબ વસુલ કરવામાં આવેલ છે.પરંતુ અમો પણ  લોકડાઉન ના કારણે તેમજ ધંધા બંધ હોય ક્વોટેશન ની રકમ પણ ફસાઈ ગઈ હોય વિજજોડાણ પણ આપવામાં આવેલ ન હોય ના છુટકે આર્થિક તંગી ના કારણે અમો દ્વારા રિફંડ ની રકમ રૂ. ૮,૪૦,૮૯૬/-ચેક નંબર- ૮૮૧૪૩૦ અને ૮૮૧૪૩૧ થી વાંધા સાથે સ્વીકારવામાં આવેલ.

હવે આપ સાહેબ પાસે અમારી માનસર નમ્ર રજુઆત છે કે અમારા વિજજોડાણના કામ માટે કોસ્ટલ સબ ડિવીઝન દ્વારા ફક્ત ૧૮ થાંભલા જ ઉભા કરવામાં આવેલ છે અને અન્ય કોઈ કામગીરી કરવામાં આવેલ નથી તો ફક્ત ૧૮ થાંભલા નો ખર્ચ અને તેને ઉભા કરવાનો મજુરી ખર્ચ અને થાંભલામાં કરેલ મુફિંગ નો ખર્ચ પણ જો ગણવામાં આવે તો તે ૧,૯૬,૭૬૦/- કેવી રીતે થઈ શકે તે મને સમજાતું નથી. અને અમોને હાલની કોરોનાની પરિસ્થિતિમાં પડ્યા ઉપર પાટુ લાગે તેવી હાલત

થઈ ગઈ છે.તો આપ સાહેબને અમારી નમ્ર અરજ અને માનસર નમ્ર રજુઆત છે કે અમારા ક્વોટેશનની રકમમાથી કપાત કરવામાં આવેલ માતબર રકમ રૂ.૧,૯૬,૭૬૦/- કે જે ખુબ જ વધારે કપાત કરેલ હોય તેમાં અમોને ન્યાય આપીને હજુ મળવાપાત્ર રકમ પરત કરવા હુકમ કરવા અને અમોને ન્યાય આપવા નમ્ર અરજ સહ વિનંતી છે.

આ સાથે અમો દ્વારા અમોને આપેલ ક્વોટેશન,ભરેલ ક્વોટેશનની પહોંચની નકલ તેમજ રીફંડ આપેલ ચેક અને તે સાથે આપેલ કાગળોની નકલ સામેલ રાખેલ છે. આભાર સહ ન્યાયની અરજ સાથે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કોસ્ટલ પેટા-વિભાગીય કચેરીના અરજદાર શ્રી માલદે પરબત ઓડેદરા રાજપર (નવાગામ) ખાતે ઝીંગા ફાર્મના હેતુ માટે ઔધોગિક હેતુનું વીજ-જોડાણ માંગવામાં આવેલ હતુ જેનું FQ પેટા-વિભાગીય દ્વારા ૧૦,૦૨,૧૪૨ =૦૦ + ૩૫,૫૧૪=૦૦ એડીશનલ FQ = ૧૦,૩૭,૬૫૬=૦૦ કુલ રકમનું FQ આપવામાં આવેલ હતું. આ FQ અરજદાર દ્વારા ૧૦,૦૨,૧૪૨=૦૦ નું FQ રસીદ નં.૨૭૫૯૭૬ થી તારીખ ૨૯.૦૨.૨૦૨૦ ના રોજ અને રકમ રૂા. ૩૫,૫૧૪=૦૦ નું FQ રસીદ નં. ૬૦૦૧૯૮ થી તારીખ ૨૯.૦૨.૨૦૨૦ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતું. ત્યારબાદ વીજ જોડાણ રીલીઝ કરવા માટે ઉભી કરવાની થતી લાઈનની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ હતી. પરંતુ અરજદાર દ્વારા જે જગ્યાએ વીજ-કનેક્શન માંગવામાં આવેલ હતું તે જગ્યા સરકારશ્રીની માલિકીની હોય તેમજ ગ્રામ પંચાયત ખાતેથી ભાડા પટે રાખેલ હતી. ત્યાર બાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા સદર વીજ કનેક્સન ન આપવા બાબતે લેખિત જાણ કરેલ હતી. આથી પેટા-વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરી મુજબ મટીરીયલ ચાર્જ + લેબર ચાર્જ + સુપરવિઝન ચાર્જ + ઘસારા ચાર્જ પેટે કુલ રકમ રૂા. ૧,૯૬,૭૬૦=૦૦ તેમના દ્વારા ભરેલ FQ ની રકમમાંથી કપાત કરેલ છે. આમ જે રકમ કાપેલ છે અને બાકીની રકમ ગ્રાહકને પરત કરેલ હતી. પરંતુ જે રકમ અરજદારની FQ માંથી કપાત કરવામાં આવેલ હતી તે અરજદારને વધુ જણાતા તેમના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ ખાતે રજૂઆત કરેલ છે.

3.૧ ગ્રાહક દ્વારા **FQ**ની જે રકમ ભરપાઈ કરવામાં આવેલ છે તે રકમમાંથી જે રકમ કપાત કરેલ છે તેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| Sr. No. | FQ Amount. | Deducted Amt As per Company's Norms | Refundable Amount |
|---|---|---|---|
| 1.<br>2. | 10,02,142=00<br>35,514=00 | Material Charges 63,611=00<br>Labour Charges 97,158=00<br>Cheque Return Penalty 177=00<br>Agreement Charge 300=00<br>Additional Estimate Charges 35,514=00 | |
| **Total** | **10,37,656=00** | **1,96,760=00** | **8,40,896=00** |

આમ ઉપરોક્ત કોષ્ટક મુજબ અત્રેની કચેરી દ્વારા જે રકમ કપાત કરેલ છે તે મુજબ જરૂરી કાર્યવાહી કરીને બાકીની રીફંડ કરવા પાત્ર રકમ રૂ**l.** ૮,૪૦,૮૯૬=૦૦ તારીખ ૧૩.૦૮.૨૦૨૦ ના રોજ પરત આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે અંદાજપત્ર આપવામાં આવેલ છે તે ભુલ ભરેલો હોય તે ફરીથી ચેક કરી અને કંપની ના નિયમ મુજબ પરત આપવા પાત્ર રકમ વહેલી તકે અરજદાર શ્રી ને ચુકવી/જમા આપવા માટે હુકમ કરવા માં આવે છે.

૪.૨ તો તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯